# “માનવ અધિકારો અને બંધારણીય સુરક્ષાઓ ઉપલબ્ધ હોવાં છતાં સુરત શહેરમાં મહિલાઓ વિરુદ્ધ થતી ઘરેલુ હિંસા અને પીડિતાને પ્રાપ્ત વિવિધ રાહતો.”


લક્ષ્મીબેન કરમસિંગ વસાવા (એડવોકેટ)

( બી. કોમ, એલ. એલ. બી, એલ. એલ. એમ, )

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરત.

**Email:- laxmivasava57@gmail.com**
**Mo:- 9825387212**

ડૉ. મનીષાબેન શુક્લા

આઈ/સી પ્રિન્સિપાલ

એમ. એસ. કે. લો કોલેજ ભરૂચ.

## વિષય પ્રવેશ :

ભારતનું બંધારણ સર્વ નાગરિકો માટે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જાની અને તકની સમાનતા વિગેરે જોગવાઈ કરવા છતાં, આજે આધુનિક યુગમાં પણ મહિલાઓ વિરુદ્ધ ઘરેલુ હિંસાના બનાવો દિવસેને દિવસે વધતાં જ રહ્યાં છે. ગામડાંમાં અને શહેરી વિસ્તારોમાં મહિલાઓ વિરુદ્ધ થતાં ઘરેલુ અત્યાચારના કિસ્સાઓ આપણને જોવાં મળે છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં જ્યાં શિક્ષણ અને રોજગારીની તકો વધી રહી છે, ત્યાં પણ મહિલાઓ પર શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક અત્યાચાર થઈ રહ્યાં છે.

મહિલાઓ સાથે થતી ઘરેલુ હિંસાએ આજે વૈશ્વિક સ્તરે, દરેક સમાજમાં પ્રવર્તમાન ગંભીર પ્રકારની સામાજિક સમસ્યાનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. “ઘરેલુ હિંસાથી મહિલાઓની સુરક્ષા ધારો, 2005” અમલમાં હોવાં છતાં, ઘણી વાર ભોગ બનનાર મહિલાઓ સુધી યોગ્ય સહાય પહોંચતી નથી.

મેટ્રોપોલિટન સુરત શહેર, કે જે ઉદ્યોગ અને વેપાર માટે જાણીતું છે. ત્યાં પણ મહિલાઓ વિરુદ્ધ ઘરેલુ હિંસાનું પ્રમાણ વધી રહ્યું છે. જાગરુકતાનો અભાવ, સામાજિક ડર અને સિસ્ટમ પ્રણાલીમાં વિલંબના કારણે કેટલીકવાર પીડિત મહિલાઓ કાયદાનો પૂરતો લાભ લઈ શકતી નથી.

## પ્રસ્તાવના :

સન 1994 વિયેના સમજૂતી તથા બૈજિંગ ઘોષણાપત્ર અને પ્લેટફોર્મ ફોર એકશન – 1995 માં સ્વીકાર્યું છે કે કૌટુંબિક હિંસા માનવ અધિકારનો મુદ્દો છે તેમજ કોઈ જ શંકાને સ્થાન નથી. સ્ત્રીઓ / મહિલાઓ સામે તમામ રૂપમાં ભેદભાવની નાબૂદી સંતુલન અંગેની સંયુક્ત રાષ્ટની સમિતિ તમામ (સી. ઈ. એ. ડબલ્યુ) એ તેની સામાન્ય ભલામણો આર્ટીકલ – 12 (1989) માં ભલામણ કરી છે કે દેશો એ મહિલાઓની પરિવાર ક્રાંતિમાં થતી હિંસા સહિતને કોઈપણ પ્રકારની હિંસા સામે રક્ષણ પૂરું પાડવું જોઈએ.

ભારતીય બંધારણ મહિલાઓને સમાનતા, સ્વતંત્રતા અને ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર આપે છે. છતાં, સમાજના અનેક સ્તરો પર મહિલાઓ હજુ પણ શોષણ અને હિંસા સહન કરે છે. ઘરેલુ હિંસા એ એવી હિંસા છે જે ઘરની ચાર દિવાલોમાં છુપાઈ રહેલ છે જે મહિલાઓનાં શરીર અને મન બંનેને હાનિ પહોંચાડે છે.

પત્ની, માતા, વિધવા, લીવ ઈન રીલેશનશીપમાં રહેતી સ્ત્રી, બહેન, દીકરી વર્ષોથી ‘શારીરિક અત્યાચાર’, ‘સેક્સ્યુલર હેરાનગતિ’, ‘શાબ્દિક અને લાગણીશીલ અત્યાચાર’ અને ‘આર્થિક અત્યાચાર’ નો ભોગ બનતી રહી છે. ઘરેલુ હિંસા એક અદ્રશ્ય પરંતુ અત્યંત ગંભીર સમસ્યા છે, જે તમામ વર્ગની મહિલાઓને પ્રભાવિત કરે છે. ગુજરાત રાજયમાં અને ખાસ કરીને સુરત જેવાં ‘મેટ્રોપોલિટન’ અને ‘હીરા ની નગરી’ તરીકે જાણીતાં સુરત શહેરમાં શહેરીકરણ, અને ઔધોગિક વિકાસની સાથે સાથે મહિલાઓ સાથે ઘરની ચાર દીવાલોની અંદર થતી ઘરેલુ હિંસાની ઘટનાઓમાં પણ નોંધપાત્ર વધારો થયેલો જોવાં મળ્યો છે.  ભારત સરકારે વર્ષ 2005 માં મહિલાઓને ઘરેલુ હિંસાથી રક્ષણ આપતો કાયદો “Domestic Violence Act – 2005” અમલમાં મુક્યો.

આ અધિનિયમ અંતર્ગત ઘરેલુ હિંસાથી ભોગ બનેલ વ્યક્તિને વિવાહિત પરિવાર યા સંયુક્ત રહેઠાણમાં રહેવાનો, રહેવાં દેવાનો અધિકાર આપે છે. ઉપરાંત સ્ત્રી જ્યાં કાર્ય કરતી હોય તે સ્થળે આરોપીનો પ્રવેશ યા સંદેશવ્યવહારને રોકવો, વાતચીત માટે રોકવો તેમજ સંપતિમાથી ભોગ બનેલી સ્ત્રીને અલગ કરવા પર રોક લગાવવી ભોગ બનનાર વ્યક્તિને સહાય, સુરક્ષા પ્રદાન કરવી. તેમજ ભોગ બનેલી સ્ત્રીઓની સુરક્ષા માટે સંરક્ષણ અધિકારી, બિન સરકારી સંગઠનોની જોગવાઈ તથા ભોગ બનનારના બાળકોને અસ્થાયી અતિરક્ષણની જોગવાઈઓ આ કાયદાની વિશેષતાઓ છે.

### માનવ અધિકારનો દ્રષ્ટિકોણ :

માનવ અધિકાર એ વ્યક્તિના જન્મ થી મળેલાં સ્વાભાવિક અધિકાર છે. ઘરેલુ હિંસા મહિલાઓના નીચે મુજબના માનવ અધિકારો નો ભંગ કરે છે.

1. જીવન જીવવાનો અધિકાર
2. ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર
3. સમાનતા અને સ્વાભિમાનનો અધિકાર
4. સ્વતંત્રતાનો અધિકાર
5. શોષણ વિરુદ્ધનો અધિકાર

### બંધારણ અને સ્ત્રીઓને રક્ષણ : -

- અનુચ્છેદ 14 : કાયદા સમક્ષની સમાનતા અને કાયદાનું સમાનધોરણ
- અનુચ્છેદ 15 ( 3 ) : રાજ્ય સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ જોગવાઈ કરશે

- અનુચ્છેદ 21 : જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર
- અનુચ્છેદ 39 ( 1 ) : સ્ત્રી – પુરુષ દરેકને આજીવિકા મળી રહેશે તેવી નીતિ ઘડશે
- અનુચ્છેદ 39 ( 3 ) : સમાનકામ માટે સમાન વેતન
- અનુચ્છેદ 42 : કામની ન્યાયી અને માનવીય પરિસ્થિતિ માટે તથા સ્ત્રીઓને પ્રસ્તૃતિમાં રાહતની જોગવાઈ છે.
- અનુચ્છેદ 51 ( ઈ ) : રાજય સ્ત્રીઓની ગરિમાને હિણપત લગાડતી પ્રવૃતિથી દૂર રહેશે

ઈંડિયન પિનલ કોડ ની કલમ – 498 ( અ ) હેઠળનો ગુનો બને છે. અ સિવિલ/દિવાની કાયદો જો કે અ દૂષણનો સંપૂર્ણ રીતે ઉકેલ લાવતો નથી. તેથી ઘરેલુ હિંસાનો ભોગ સ્ત્રી ને બનતી અટકાવવા તથા સમાજમાં ઘરેલુ હિંસા થતી અટકાવવાના હેતુવાળા સિવિલ કાયદા હેઠળ ઉપાયો કરવા ભારત નાં બંધારણ નાં આર્ટીકલ 14, 15, 21 હેઠળ આપવામાં આવેલાં હકકોના સંદર્ભમાં કાયદો લાવવાની દરખાસ્ત થઈ.

આ અધિનિયમ એવી મહિલાઓને આવરી લે છે કે, જેઓ તેમના શોષણકર્તા કે હિંસાકર્તા સાથે સંબંધોથી જોડાયેલી હોય, જ્યાં બંને પક્ષે એક જ કુટુંબમાં સાથે રહેતાં હોય અને લોહીનાં સબંધથી, લગ્નસબંધથી કે લગ્ન જેવા સ્વરૂપનાં પ્રકારનાં સંબંધથી કે અપનાવેલા સબંધથી જોડાયેલી હોય.

## વિવિધ કાયદાઓ સંદર્ભે સ્ત્રીઓની સ્થિતિ :

હિન્દુ લગ્નધારા, 1955 માં – સને 1976 માં સુધારો કરીને છોકરીને તે પુખ્તવયની થાય તે પહેલાં થયેલ લગ્ન, અસ્વીકાર કરવાનો અધિકાર છે. પછી ભલેને તે લગ્ન પરિપૂર્ણ થયા હોય કે ના હોય.

દહેજ પ્રતિબંધક ધારા, 1961 માં સને 1984 માં સુધારો કરીને સ્ત્રીઓ પ્રત્યેની ક્રૂરતા ને "કોગ્નિઝેબલ" ગુનો ગણેલ છે. તેમજ સને 1986 માં બીજો સુધારો કરીને સ્ત્રીને લગ્નના 7 વર્ષમાં આત્મહત્યા કરે તો "ક્રૂરતાના અનુમાન" ના આધારે સજા ને પાત્ર બનાવાયેલ છે.

ઈંડિયન પીનલ કોડ, 1986 ની કલમ – 304 ( બી ) માં "દહેજ મૃત્યુ" ને ફોજદારી ગુનો ગણેલ છે.

સ્ત્રીઓને બિભત્સ રીતે ચિતરવા ( અટકાયત ) ધારો, 1987 વિગેરે કાયદાઓ સ્ત્રીઓની ગરિમા, સ્થાન, દરજ્જો અને તેને રક્ષણ આપવા માટે તથા તેની સામે થતી હિંસા અને શોષણ અટકાવવા માટે કરેલ છે.

“ફેમિલી કોર્ટ એક્ટ અને ભરણપોષણનો કાયદો” આજે શિક્ષણ અને સમજનો વિકાસ થયો તેના પરિણામે સમાજમાં મૂળભૂત પરિવર્તન થવાની શરૂઆત થઈ. અનાદિકાલમાં આપણાં દેશમાં આપણાં ઘર સ્વર્ગ જેવા હતા કેમ કે ન્યાય અન્યાય જેવાં શબ્દો હતા પરંતુ પરિવારિક સંગઠન, એકરૂપતા, નિકટતા, ત્યાગ અને સમપર્ણની ભાવના પ્રત્યે વ્યક્તિગત માન – સન્માન કશું જ નહોતું. ફક્ત પરિવાર નું જ માન – સન્માન રહેલું હતું જેના કારણે લખો વર્ષ સુધી ઘરના વડીલો ના શબ્દો ન્યાયપાલિકા જેવાં સન્માનીય જેવાં હતા.

## સુરત શહેરની વાસ્તવિક સ્થિતિ :

- છેલ્લાં પાંચ વર્ષોમાં સુરત શહેરમાં મહિલા હિંસાના કિસ્સાઓમાં 30% વધારો નોંધાયો છે.
- 2023 માં માત્ર મહિલા હેલ્પલાઈન 181 પર 12,000 થી વધુ કોલ્સ નોંધાયા હતા, જેમાથી મોટા ભાગના કોલ ઘરેલુ વિવાદ સંબંધિત હતા.
- બહોળી સંખ્યામાં મહિલાઓ સામાજિક કલંકના ભયથી ફરિયાદ નોંધાવતી નથી.
- શહેરમાં કાર્યરત એનજીઓ મુજબ, ઘરેલુ હિંસાના 70% કિસ્સાઓમાં પતિ દ્વારા માનસિક અને આર્થિક હિંસા થાય છે.

## હેતુઓ :

1. મહિલાઓના માનવ અધિકારો પર થતી હિંસાનો અભ્યાસ કરવો.
2. ભારતીય બંધારણ દ્વારા આપવામાં આવેલી સુરક્ષાઓની સમજ મેળવવી.
3. સુરત શહેરમાં ઘરેલુ હિંસાની ઘટનાઓની તીવ્રતા અને સ્વરૂપોનું અધ્યયન કરવું.
4. “મહિલાઓની ઘરેલુ હિંસાથી રક્ષણ ધારો, 2005” હેઠળ ઉપલબ્ધ વિવિધ રાહતો અને વ્યવસ્થાઓનું વિશ્લેષણ કરવાનો.
5. પીડિત મહિલાઓએ કાયદાકીય અને સંસ્થાકીય સહાય મેળવવામાં અનુભવાઈ રહેલી અડચણોની ઓળખ કરવી.
6. ઘરેલુ હિંસા સામે કાયદાનું અમલીકરણ તથા પોલીસ, કોર્ટ અને NGO ની ભૂમિકા પર પ્રકાશ પાડવો.
7. પીડિત મહિલાઓના અનુભવોના આધારે કાયદામાં સુધારા માટે સૂચનો ઉપલબ્ધ કરાવવું.
8. સમાજ અને કાનૂની તંત્રની ભૂમિકા સમજવી.

## લિટરેચર રિવ્યુ :

"ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ – 2005" હેઠળ વિવિધ પ્રકારની રાહત જોગવાઈઓ હોવા છતાં, તેના અમલમાં મોટી અડચણો આવે છે. પટેલ અને દેસાઈ ( 2018 ) એ જણાવ્યુ હતું કે ગામડાંઓ કરતાં શહેરોમાં કાયદાની જાગૃતતા વધુ આવે છે, છતાં પ્રાથમિક તબક્કે પોલીસ અને કોર્ટની ક્રિયાવિધિ ઘણીવાર ધીમી પડે છે.

NCRB ( 2023 ) મુજબ ભારતમાં દર વર્ષે લાખો ઘરેલુ હિંસાના કેસ નોંધાય છે, પરંતુ નોંધાયેલા કેસો કરતાં ઘણી વધુ પડતી ઘટનાઓ રિપોર્ટ થતી જ નથી. મહિલા સુરક્ષા કાયદા વિષે નોકરી કરતી મહિલાઓમાં જાગૃતિ વધુ જોવા મળે છે, જ્યારે નિર્ભર મહિલાઓ ઓછી છે ( Sharma, 2020 ).

સુરત શહેરમાં ખાસ કરીને ધંધાકીય વિસ્તારોની મહિલાઓએ ઘણીવાર કાયદાનો સહારો લેવાનું નકાર્યું છે. કારણકે તેઓ આર્થિક રીતે પતિ પર આધાર રાખે છે. NGO રિપોર્ટ્સ દર્શાવે છે કે કોર્ટ ઓર્ડર, રહેવાની જગ્યા અને કાઉન્સેલિંગ જેવી રાહતો પેપર પર ભલે ઉપલબ્ધ હોય, પરંતુ તે હકીકતમાં ઉપલબ્ધ કરાવવામાં સમય લાગતો હોય છે.

## પદ્ધતિ :

પ્રાથમિક અને દ્રીતીય સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

- પ્રાથમિક સ્ત્રોતો : સુરત શહેરની કેટલીક મહિલા સંસ્થાઓ, પોલીસ સ્ટેશન અને કાનૂની સહાય કેન્દ્રોમાથી મળેલી માહિતી, સુરત શહેરની મહિલા પોલીસ સેલ, હેલ્પલાઈન 181, One Stop Centers અને મહિલાઓ સાથેની મુલાકાતો, Structured Questionnaires.
- દ્રીતીય સ્ત્રોતો : સરકારના અહેવાલો, આંકડાકીય માહિતી, નેશનલ ક્રાઈમ રિપોર્ટ બ્યૂરોના રિપોર્ટ ( NCRB ) અને વિવિધ કાનૂની લેખો, મહિલા આયોગના અહેવાલો, વિવિધ કાનૂની ગ્રંથો.
- અભ્યાસ માટે મિશ્ર પદ્ધતિ ( Mixed Method ) અપનાવવામાં આવી છે, જેમાં માહિતીનું ગુણાત્મક ( Qualitative ) અને પરિણાત્મક ( Quantitative ) બંને પ્રકારની માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

## ક્ષેત્ર / વિસ્તાર

અભ્યાસ માટે સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતી પીડિત મહિલાઓ, NGO કર્મીઓ, કાયદાકીય અધિકારીઓ અને પોલીસ નો સમાવેશ કરવામાં આવ્યો છે.

### નમુનાકરણ પદ્ધતિ :

પર્પઝીવ નમુનાકરણ ( Purposive Sampling ) પદ્ધતિ દ્વારા પીડિત / ભોગ બનેલ મહિલાઓનું ચયન કરવામાં આવેલ છે.

**ડેટા સંગ્રહ પદ્ધતિ** :

**પ્રાથમિક માહિતી** :

પીડિત/ભોગ બનેલ મહિલાઓ સાથે ઇંટરવ્યુહ, NGOs અને અધિકારોઓના પ્રતિસાદ.

**ગૌણ માહિતી** :

સરકારી રિપોર્ટ્સ ( NCRB, પોલીસ રેકોર્ડ ), કોર્ટ કેસના દસ્તાવેજો, NGO દ્વારા પ્રકાશિત વાર્ષિક અહેવાલો, માન્ય રિસર્ચ પેપરો અને કાનૂની લેખો.

### ડેટાનું વિશ્લેષણ ( Data Analysis ) :

Excel અથવા SPSS દ્વારા સર્વે ડેટાનું પ્રસ્તાવન ( ટેબલ, ગ્રાફ, ટકા ).

**ગુણવાત્મક વિશ્લેષણ** :

ઇંટરવ્યુહ માથી મુખ્ય મુદ્દાઓનું થિમેટિક વિશ્લેષણ, કેસ સ્ટડી દ્વારા વ્યાખ્યાયિત થતી પીડિતાવસ્થાની સમજણ.

### પડકારો :

1. સમાજમાં સ્ત્રી પ્રત્યે હજી પણ પુરુષસત્તાક માનસિકતા.
2. મહિલાઓની આર્થિક નિર્ભરતા.
3. ફરિયાદ નોંધાવવાનો ભય અને સમાજનો દબાવ.
4. કાયદાનો અમલ ધીમો અને જટિલ.
5. પોલીસ અને કાનૂની તંત્રમાં સંવેદનશીલતાનો અભાવ વિગેરે પડકારો જોવા મળી રહ્યા છે.

### સૂચનો :

અહી સરકાર, સંસ્થાઓ અને સમાજ માટે ઉપાયો સૂચવવામાં આવેલા છે.

1. જાગૃતિ અભિયાનોની જરૂર છે.
2. NGO સાથે સહકારમાં વધારો કરવો.

3. પોલીસ કર્મચારીઓને વિશેષ તાલીમ આપવી.
4. ફેમિલી કોર્ટોનું મજબુતિકરણ.
5. પીડિતાને સહાયતા ઝડપી પૂરી પાડવી.

## નિષ્કર્ષ :

સુરત શહેરમાં મોટી સંખ્યામાં મહિલાઓ હજુ પણ ઘરેલુ હિંસાનો શિકાર બની રહી છે. જો કે "ઘરેલુ હિંસાથી મહિલાઓને રક્ષણ અધિનિયમ, 2005" અનુસાર વિવિધ પ્રકારની રાહતો ઉપલબ્ધ છે, છતાં તે તમામ પીડિતાઓ સુધી યોગ્ય રીતે અને સમયસર નહીં પહોંચે એ હકીકત છે.

અધિકતમ મહિલાઓને કાયદાની જાણકારી જ નથી અને જેઓ જાણે છે તેઓ પણ સામાજિક કૌટુંબિક દબાણ અથવા સંસ્થાઓમાં વિશ્વાસના અભાવને લીધે કાયદાનો સહારો લેવાં માંગતી નથી. આ સાથે જોડાયેલી સમસ્યાઓમાં પોલીસ વિભાગનો વ્યવહાર, કોર્ટની ધીમી પ્રક્રિયા અને ઘરોમાં 'પુરુષ પ્રધાન' માહોલ જેવી બાબતો મુખ્ય છે.

NGO અને સ્થાનિક કેન્દ્રો પીડિત મહિલાઓ માટે આશાવાદી ભૂમિકા ભજવે છે, પરંતુ તે સીમિત સંશાધનો અને કામગીરીનાં વિસ્તારમાં બંધાઈ જાય છે. 'માનસિક સલાહ'(Counselling) વધુ સારી રીતે પહોંચે છે, જ્યારે નાણાંકીય સહાય અને રહેઠાણ જેવી સહાય ઘણી વખત ફક્ત દસ્તાવેજી હોય છે.

આથી સ્પષ્ટ થાય છે કે કાયદા માત્ર રક્ષણ પૂરું પાડવાનું સાધન છે, પણ તેનો અસરકારક અમલ અને સામાજિક સ્વીકૃતિ વિના તે પૂરતો લાભકારી બની શકતો નથી.

માત્ર ભારત, ગુજરાત કે સુરતમાં જ નહીં સમગ્ર વિશ્વમાં સ્ત્રીઓ પ્રત્યેનાં અન્યાય, માનવઅધિકારોનું ઉલ્લંઘન, માન મર્યાદા મોભો અને ગૌરવબંધ વિગેરે અંગે કટોકટીની સ્થિતિ સર્જાયેલી છે.

સ્વતંત્રતા પછી બંધારણે સ્ત્રીઓ તથા પુરુષોને સમાન દરજ્જો, સમાન ગૌરવ અને સન્માન આપ્યા છે. કમનસીબે એ સત્ય છે કે, અત્યારે સ્ત્રીઓની પોતાના ઘરમાં પણ ગૌણ ભૂમિકા હોય છે. તે કુટુંબમાં ફરજ પરસ્ત પુત્રી, પ્રેમાળ માતા અને સાસરિયાં "પારકી જણી" નો ખ્યાલ અનુભવાઈ રહેલ છે. તેમજ તે રીતે ઓળખાય છે. તો પછી પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે પોતાનું કહેવાય તેવું ઘર કયું ?

## સંદર્ભ :


- Patel, R. & Desai, K. ( 2018 ). Challenges in Implementation of Domestic Violence Act, 2005 : A Gujarat Perspective. Journal of Society Policy, 12 ( 3 ), 54 – 68
- Sharma, A. ( 2020 ). Legal Awareness among Urban Women in India. Indian Journal of Law & Society, 9 ( 2 ), 115 – 134
- Commentary on Protection of Women from Domestic Violence Act, 2005
- Surat Women Help Trust. ( 2022 ). Annual Report on Domestic Violence Cases in Surat.
- National Crime Records Bureau Reports ( NCRB ) 2023
- Gujarat State Women Commission Annual Reports, 2024
- Surat Police Domestic Violence Unit Data, 2023
- NGO Reports : SEWA Trust, Women's Rights Forum, Surat
- કૌટુંબિક ( ઘરેલુ ) હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ – 2005
- ભારતનું બંધારણ, 1950